અપીલ અરજી નં.૧૪૫/ ૦૮–૦૯ તા. ૩૦–૮–૦૮

અરજદારઃ શ્રી ગુલામભાઈ મેમણ
સામાવાળાઃ ડે.કમિશ્નર(સ્પે)અને જાહેર માહિતી અધિકારી અઠવા ઝોન

## હુકમઃ–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામભાઈ મેમણ ની તા.૬–૮–૦૮ ની અરજીથી તા.૧૪–૫–૦૮ના રોજ અઠવા ઉમરા ઝોનમાંથી કેટલા લારી ગલ્લાના દબાણ હેઠળનો માલ સામાન જપ્ત કર્યો છે તેની માહિતી પુરી પાડવા મુદ્દા નં.૧ થી ૫ બાબત.
**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૩૦–૮–'૦૮ ની અપીલ અરજી નં.૧૪૫/૨૦૦૮–૦૯

શ્રી ગુલામભાઈ મેમણ ની તા.૬–૮–૦૮ ની અરજીથી તા.૧૪–૫–૦૮ના રોજ અઠવા ઉમરા ઝોનમાંથી કેટલા લારી ગલ્લાના દબાણ હેઠળનો માલ સામાન જપ્ત કર્યો છે તેની માહિતી પુરી પાડવા મુદ્દા નં.૧ થી ૫ બાબતે કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી અઠવા ઝોનના પત્ર નં.સા.વે.ઝોન(અઠવા)/આરટીઆઈ/આ.૧૭૯ તા.૨૫–૮–૦૮ થી આપેલ માહિતીમાં મુદ્દા નં.૪ બાબતે જવાબ ખોટો હોવાનું તેમજ મુદ્દા નં.૫ નો કોઈ જવાબ આપવામાં આવ્યો નથી. તેવા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩૦–૮–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૧૮ તા.૮–૯–૦૮ ના રોજ ડે .કમિશ્નર (સ્પે)અને જાહેર માહિતી અધિકારી અઠવા ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને સા.વે.ઝોન/અઠવા/રાઈટ ટુ ઈન્ફરમેશન/ આ.નં.૨૨૩ તા.૨૩–૯–૦૮ થી અત્રેના વિભાગને માહિતી પૂરી પાડવામાં આવેલ.

અરજદારને તા.૬–૮–૦૮ ની અરજીથી માંગ્યા મુજબની માહિતી મુદ્દા નં.૧ થી ૫ પૈકી મુદ્દા નં.૧ થી ૪ની માહિતી પૂરી પાડવામાં આવેલ. અરજદારે મુદ્દા નં.૪ માં વિસંગતતા બાબતે રજૂઆત કરેલ પરંતુ આધાર પુરાવા રજુ કરેલ નથી. સદર બાબતે અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી સા.વે.ઝોન/અઠવા/રાઈટ ટુ ઈન્ફરમેશન/ આ.નં.૨૨૩ તા.૨૩–૯–૦૮ થી જણાવ્યા મુજબ અરજદારને મના તા.૨૫–૮–૦૮ ના પત્રથી મુદ્દા નં.૧થી ૪ની માહિતી પૂરી પાડેલ જે દફતર મુજબ બરાબર હોવાનું જણાવી. તેમજ મુદ્દા નં.૫ અંગે મ. જાહેર માહિતી અધિકારી તરફથી સા.વે.ઝોન/અઠવા/રાઈટ ટુ ઈન્ફરમેશન/ આ.નં.૧૯૬ તા.૨–૯–૦૮ થી અરજદારને આપેલ જવાબની નકલ અત્રે રજૂ કરેલ છે.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારનીતા.૬–૮–૦૮ની અરજીથી માંગ્યા મુજબની માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે તેથી માહિતી પૂરી પાડવા અંગે કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૦ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧) ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી,અઠવા ઝોન ..... જાણ તથા અમલ માટે
(૨)શ્રી ગુલામ મેમણ,